જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૮/૨૦૧૪ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી ૨૩૮ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૨૦૯/૧૪**

**નારણપુરા :** છગનભાઈ ખેંગારભાઈ પરમાર(રહે. તુલસીનગર બંગલા, સૌરાબજી કમ્પાઉન્ડ, જુનાવાડજ) એ તા.૨૮/૮/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૧૪ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઈન્કમટેક્ષ ગુજરાત વિધ્યાપિઠ ખાતે આવેલ ગુજરાત કુમાર વિનય મંદિર સ્કુલ ખાતેથી પોતાના પુત્ર મનીષ (ઉ.વ.૧૫) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. જી.એમ. ગોહેલ ચલાવે છે.

**સરદારનગર :** પોચીબહેન મોહનભાઇ મારવાડી (રહે.નહેરૂનગરનાં છાપરાં, કુબેરનગર, સરદારનગર) એ તા.૨૮/૮/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૮/૧૪ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી રેખાબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. પી.જે.ખરસાણા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૨૧૦/૧૪**

**નરોડા :** હરીશભાઇ રાધાકિશન સચદેવ (રહે.મહાશુભ નગર, કૃષ્ણનગર નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૮/૧૪ રાતનાં ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન કૃષ્ણનગર ચાર રસ્તાથી પોતાના રહેણાંક સુધીનાં કોઇપણ સ્થળે પોતાની એક્ટિવાની ડેકીમાં મુકેલ રોકડ રૂપિયા ૨,૩૧,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજોની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૧/૧૪**

**સરદારનગર :** ગણેશ ડુબલાલ કોરી (રહે.શિવશક્તિનગરનાં છાપરાં, ભીલવાસ, સરદારનગર) એ તા.૨૮/૮/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૧૪ રાતનાં ૮/૦૦ વાગે રાજાવીર સર્કલ પાસે આવેલ જાહેર શૌચાલય નજીક પાર્ક કરેલ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૨૭ ટી.૬૬૦૪ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી જે ખરસાણ ચલાવે છે.

**ચાંદખેડા :** સાવરસિંગ ગુલાલસિંગ રાજપુત (રહે.ગાંધીવાસ વિભાગ-૨, જનપથ હોટલ પાસે, સાબરમતી) એ તા.૨૬/૮/૧૪ રાતના ૧૦/૦૦ વાગે રીંગ રોડ ઝુંડાલ સર્કલ પાસે આવેલ અમન મોટર ગેરેજ સામે પોતાની ટાટા કંપનીની ટ્રક નંબર જીજે ૧૮ એ.ટી ૮૧૮૧ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- સર્વિસ કરાવવા મુકી હતી. જેની ચોરી તા.૨૭/૮/૧૪ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સાવરસિગ રાજપુતેએ તા.૨૮/૮/૧૪ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રીમતી ટી.એમ.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૨/૧૪**

**ચાંદખેડા :** શકુંતલાબહેન ભરતકુમાર રાઠોડ (રહે.ગાયત્રીનગર ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૪ સવારનાં ૭/૧૫ વાગ્યાના સુમારે સુભાષનગરની સામે વિસત ચાંદખેડા રોડ ઉપર પોતાના સસરા ભદાભાઇ પ્રતાપભાઇ રાઠોડ(ઉ.વ.૬૧) પસાર થઇ રહ્યા હતા ત્યારે આઈસર ગાડી નંબર જીજે ૨ ઝેડ. ૨૦૯૮ ના ચાલકે આઇશર ગાડી બેદરકારી અને પુર ઝડપે ચલાવી ભદાભાઇને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા ભદાભાઈનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.પટેલ ચલાવે છે.

**પ્લમ્બરનું કામ કરતાં પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૩/૧૪**

**વટવા :** મહેશભાઇ લુહાર (ઉ.વ.૫૦) (રહે.દિલ્હી દરવાજા) તા.૨૮/૮/૧૪ બપોરના ૨/૪૦ વાગ્યાના સુમારે પીરાણા રોડ, પીપળજ ગામ, હરે કૃષ્ણમ ટેક્ષટાઇલ્સ માં ૨૦ ફુટની ઉંચાઇએ પ્લમ્બરનું કામ કરતાં હતા ત્યારે અકસ્માતે જમીન ઉપર પટકાઇ જતાં તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.કોટવાલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૧૪/૧૪**

**એલીસબ્રીજ :** અંકિતાબહેન મફતલાલ જોષી (ઉ.વ.૩૦)(રહે.તુપ્તીનગર, દાંતીવાડા કોલોની, તા.દાંતીવાડા) એ માનસીક બિમારીના કારણે તા.૨૮/૮/૧૪ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે સુમન એવન્યુ ફ્લેટ નાં પાંચમા માળે આવેલ ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.